# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 9-11-2024 Evening : 7.50 to 8.00

Day : Saturday National News

આકાશવાણી સમાચાર **નિશા શ્રીમાળી** વાંચે છે.

**************************************************

- કેન્દ્ર સરકારે સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોને ચાલુ નાણાંકીય વર્ષમાં પોણા છ લાખ કરોડ રૂપિયાનો ધિરાણ આપવાનો લક્ષ્યાંક આપ્યો છે.
- ઝારખંડ વિધાનસભાની ચૂંટણી માટેનો પ્રચાર વેગવાન બની રહ્યો છે.
- વિશ્વ યુનિવર્સિટીની એશિયા ક્ષેત્રની રેન્કિંગ સૂચિમાં ટોચની 100 યુનિવર્સિટીમાં દેશના સાત શૈક્ષણિક સંસ્થાઓએ સ્થાન મેળવ્યું છે.
- ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે વિકસિત ભારતના લક્ષ્યને સિધ્ધ કરવા સંશોધન અને નવકલ્પના ઉપર ભાર મૂક્યો છે.
- ભારતના પંકજ અડવાણીએ કતારમાં યોજાયેલી IBSF વિશ્વ બિલિયર્ડ સ્પર્ધાનો ખિતાબ જીતી લીધો છે.

. **************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# BENGALURU-SITHARAMAN

કેન્દ્ર સરકારે સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો – MSME ને ચાલુ નાણાંકીય વર્ષમાં પોણા છ લાખ કરોડ રૂપિયાનો ધિરાણ આપવાનો લક્ષ્યાંક આપ્યો છે. કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે આજે બેંગલુરૂમાં યોજાયેલા MSME અંગેના ખાસ કાર્યક્રમમાં આ મુજબ જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે, MSME માટે 100 કરોડ રૂપિયાનું ચોક્કસ મુદ્દત માટેનું ધિરાણ આપવા અંગેની નવી ધિરાણ બાંહેધરી યોજના ટૂંક સમયમાં મંત્રીમંડળ સમક્ષ રજૂ કરાશે. આ યોજનામાં ત્રીજા પક્ષની બાંહેધરી વિના MSME ને ધિરાણ આપવાની જોગવાઈ છે.

તેમણે કહ્યું કે, MSME ને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકારે GEM પોર્ટલ દ્વારા કરાતી ખરીદીમાં 25 ટકા ખરીદી MSME પાસેથી ફરજિયાત કરવાનો નિયમ બનાવ્યો છે.

# EVE. JHARKHAND-CAMPAIGNING

ઝારખંડ વિધાનસભાની ચૂંટણી માટેનો પ્રચાર વેગવાન બની રહ્યો છે. NDA અને I.N.D.I.A. જૂથના વિવિધ નેતાઓ સમગ્ર રાજ્યમાં ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે.

ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહે આજે છત્તરપુરના પાલામુ ખાતે ચૂંટણી રેલીમાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી ઓબીસી, દલિત અને આદિજાતિ સમુદાયના વિરોધી હોવાનો આક્ષેપ કર્યો છે.

તો બીજી તરફ કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ ભાજપની કરવેરા નીતિની ટીકા કરી છે. આજે ધનબાદ જિલ્લાના બાઘમારા ખાતે ચૂંટણી રેલીને સંબોધતા તેમણે આક્ષેપ કર્યો હતો ભાજપની વેરા નીતિ સમૃધ્ધ વર્ગના મૂડીવાદીઓની તરફેણ કરે છે. તેમણે કહ્યું કે, અનૂસૂચિત જાતિ અને જનજાતિના લોકોને સરકારી સંસ્થાઓમાં પુરતું પ્રતિનિધિત્વ મળતું નથી.

ભાજપના અધ્યક્ષ જે.પી. નડ્ડાએ પાલામુમાં વિશ્રામપુર ખાતેથી રેલીમાં ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરોનની નીતિઓની કડક શબ્દોમાં ટીકા કરી છે.

# REV. MAHA.-PM -RALLY

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, મહારાષ્ટ્રની મહાયુતિ સરકારની નીતિઓના કારણે મરાઠવાડા વિસ્તારમાં ૪૦ હજાર કરોડ રૂપિયાથી વધુ મૂડીરોકાણ આકર્ષી શકાયું છે.

આજે નાંદેડમાં ચૂંટણી રેલીને સંબોધતાં તેમણે મહારાષ્ટ્રની રાજ્ય સરકાર દ્વારા હાથ ધરાયેલા રેલ કોચ ફેક્ટરી, શક્તિપીઠ એક્સપ્રેસ વે સહિતના વિવિધ વિકાસકામોની વિગતો આપી હતી.

ઉલ્લેખનીય છે કે, મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીની સાથે નાંદેડ લોકસભા બેઠકની પેટાચૂંટણી માટે આગમી ૨૦મી નવેમ્બરે મતદાન થશે.

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

# EVE. VP-NIT

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે વિકસિત ભારતના લક્ષ્યને સિધ્ધ કરવા સંશોધન અને નવકલ્પના ઉપર ભાર મૂક્યો છે. તેઓ આજે દિલ્હીમાં યોજાયેલા રાષ્ટ્રીય ટેકનોલોજી સંસ્થાના ચોથા પદવીદાન સમારોહમાં બોલી રહ્યા હતા. તેમણે શૈક્ષણિક સંસ્થાઓને અભ્યાસક્રમ દ્વારા સંશોધન અને નવકલ્પનાને પ્રોત્સાહન આપવા અનુરોધ કર્યો હતો.

ઉપરાષ્ટ્રપતિએ આ અભિયાનમાં મદદરૂપ થવા કોર્પોરેટ ક્ષેત્રને અપીલ કરી હતી. ઉપરાષ્ટ્રપતિ ધનખડે જણાવ્યું હતું કે, શિક્ષણ ક્ષેત્ર માનવ સંસાધનોને સમૃધ્ધ બનાવવામાં મદદરૂપ થતું હોવાથી આ ક્ષેત્રનું મૂડીરોકાણ ખૂબ જ મહત્વનું ગણાવી શકાય.

આ પ્રસંગે ઉપરાષ્ટ્રપતિના હસ્તે સંસ્થાના તેજસ્વી વિદ્યાર્થીઓને પુરસ્કારો એનાયત કરાયા હતા.

# PADDY-PROCUREMENT

કેન્દ્ર સરકારના ભારત અન્ન નિગમ – FCI અને સંગ્લન સરકારી સંસ્થાઓએ પંજાબમાં લઘુત્તમ ટેકાના ભાવે તાજેતરમાં 120 લાખ મેટ્રીક ટનથી વધુ ડાંગરની ખરીદી કરી છે. કેન્દ્રીય ગ્રાહક બાબતોના મંત્રાલયે જણાવ્યું છે કે, એ ગ્રેડના ડાંગરની ખરીદી બે હજાર, 320 રૂપિયા પ્રતિ ક્વિન્ટલના લઘુત્તમ ટેકાના ભાવે કરવામાં આવી છે.

આ સાથે સરકારે આજ દિન સુધીમાં કુલ 27 હજાર, 995 કરોડ રૂપિયાના ખર્ચે ડાંગરની ખરીદી કરી છે. જેના લીધે છ લાખ, 58 હજારથી વધુ ખેડૂતોને લાભ થયો છે.

પૂલ શ્રીરંગ - દુર્ગેશ

# RAIPUR INDIAN ROADS CONGRESS

કેન્દ્ર સરકારે માર્ગોની સલામતીને ધ્યાનમાં રાખીને ત્રણ નવી માર્ગદર્શક રૂપરેખા અને મેન્યુઅલ જારી કર્યા છે. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ છત્તીસગઢના પાટનગર રાયપુરમાં ગઈકાલથી શરૂ થયેલ ભારતીય માર્ગ સંસ્થાના ચાર દિવસીય વાર્ષિક સંમેલનમાં ઉદઘાટન સત્રમાં માર્ગદર્શક રૂપરેખાની જાહેરાત કરી હતી.

ચાર દિવસ ચાલનાર આ સંમેલનમાં વિવિધ સત્રોમાં 18થી વધુ દસ્તાવેજો અંગે ચર્ચા વિચારણા કરાશે. દેશભરના બે હજારથી વધુ નિષ્ણાંતો, વૈજ્ઞાનિકો અને ઇજનેરો આ સંમેલનમાં ભાગ લઈ રહ્યા છે.

સંમેલનમાં આજે બીજા દિવસે ધોરીમાર્ગ સંશોધન બોર્ડની બેઠકમાં આધુનિક ટેકનોલોજીની મદદથી નવા ધોરીમાર્ગોના નિર્માણ પ્રક્રિયાના વિવિધ પાસાઓ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી છે.

# LEGAL SERVICES DAY

દેશના નાગરિકોને તેમના કાયદાકીય અધિકારીઓથી વાકેફ કરવા આજે સમગ્ર દેશમાં રાષ્ટ્રીય કાનૂની સેવા દિવસની ઉજવણી કરવામાં આવી છે. વિવિધ પ્રોજેક્ટ અને પ્રવૃત્તિઓ દ્વારા નાગરિકોને તેમના કાયદાકીય અધિકારો અંગે માહિતગાર કરાયા હતા તેમજ વિવાદ નિવારણ વ્યવસ્થાને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, વર્ષ 1995માં આજના દિવસે કાનૂની સેવા સત્તામંડળ ધારો અમલમાં મૂકાયો હતો. સમાજના કાનૂની સહાયથી વંચિતોને સરળતાથી કાનૂની સેવા ઉપલબ્ધ કરાવી એ આ ધારાનો મુખ્ય હેતુ હતો. વર્ષ 1995માં પાંચમી ડિસેમ્બરે રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળની રચના કરવામાં આવી હતી.

# QS WORLD UNIVERSITY RANKINGS

વિશ્વ યુનિવર્સિટીની એશિયા ક્ષેત્રની રેન્કિંગ સૂચિમાં ટોચની 50 યુનિવર્સિટીમાં ભારતની બે અને ટોચની 100 યુનિવર્સિટીમાં દેશના સાત શૈક્ષણિક સંસ્થાઓએ સ્થાન મેળવ્યું છે.

દિલ્હી IIT સંસ્થા 44મા સ્થાન સાથે દેશની શૈક્ષણિક સંસ્થાઓમાં મોખરે છે. કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયની યાદીમાં જણાવ્યું છે કે, IIT મુંબઈ, IIT મદ્રાસ, IIT ખડગપુર અને IIT કાનપુર તથા દિલ્હી યુનિવર્સિટીએ ટોચની 100 શિક્ષણ સંસ્થાઓમાં સ્થાન મેળવ્યું છે.

આ ઉપરાંત IIT ગુવહાટી, IIT રૂડકી, જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટી અને ચંદીગઢ યુનિવર્સિટીએ ટોચની 150 શિક્ષણ સંસ્થાઓમાં સ્થાન મેળવ્યું છે.

# ARUNACHAL INDIAN ARMY

ભારતીય લશ્કરના ઉપક્રમે અરૂણાચલપ્રદેશમાં વાલોંગ યુધ્ધની સ્મૃતિમાં અને દેશની એકતાની મજબૂત બનાવવા દીબાંગ ખીણ જિલ્લાના મીપી ખાતેથી મોટરસાયકલ અભિયાનનો આરંભ થયો છે. દાઓ વિભાગના મેજર જનરલ વી.એસ. દેશપાંડેએ ત્રણ દિવસના આ મોટરસાયકલ અભિયાનને લીલી ઝંડી દર્શાવી પ્રસ્થાન કરાવ્યું હતું.

આગામી સોમવારે સેનાના જવાનો મોટર બાઇક ઉપર વાલોંગ યુધ્ધ સ્મૃતિ સ્થળે પહોંચશે. પ્રવાસ દરમિયાન રોકાણના સ્થળે સેનાના જવાનો સ્થાનિક નાગરિકો સાથે સંવાદ કરીને સેનાની ક્ષમતાની માહિતી આપી રહ્યા છે તેમજ રાષ્ટ્રીય એકતાને પ્રોત્સાહન આપતા કાર્યક્રમો યોજી રહ્યા છે.

# UNHRC- GAZA

રાષ્ટ્રના સંઘના માનવ અધિકાર કાર્યાલયે જણાવ્યું છે કે, ગાઝા યુધ્ધમાં ભોગ બનનાર લોકો પૈકી 70 ટકા મહિલાઓ અને બાળકો છે. મૃત્યુ પામનાર પૈકી આશરે 44 ટકા બાળકો હતા.

સત્તાવાર અહેવાલમાં આ યુધ્ધ દરમિયાન આંતરરાષ્ટ્રીય માનવ અધિકારના મૂળભૂત સિધ્ધાંતોના થયેલા ભંગને કડક ટીકા કરવામાં આવી છે. રાષ્ટ્રના સંઘના માનવ અધિકાર એકમના વડા વોકર તર્કે ગાઝામાં નાગરિકોના થયેલા મૃત્યુને વખોડી કાઢ્યા છે.

દરમિયાન રાષ્ટ્ર સંઘ ખાતેના ઇઝરાયલના રાજદ્વારી મિશને આ અહેવાલને ફગાવી દીધો છે.

# JAPAN- INFLUENZA

જાપાનના ત્રીજી નવેમ્બરે પૂરા થયેલા સપ્તાહમાં ઇન્ફ્લૂએન્ઝાના કુલ પાંચ હજાર, 127 કેસ નોંધાયા છે. જે અગાઉના સપ્તાહ કરતાં 829 કેસોનો વધારો દર્શાવે છે. જાપાનના આરોગ્ય મંત્રાલયે લોકોને યોગ્ય સમય રસીકરણ, માસ્ક પહેરવા અને સમયાંતરે હાથ ધોવાની સૂચના આપી છે.

# REV. EVE BILLIARDS- IBSF

ભારતના પંકજ અડવાણીએ કતારમાં યોજાયેલી IBSF વિશ્વ બિલિયર્ડ સ્પર્ધાનો ખિતાબ જીતી લીધો છે. આજે રમાયેલી સ્પર્ધાની ફાઇનલમાં પંકજ અડવાણીએ ઇંગ્લેન્ડના રોબર્ટ હોલને પરાજ્ય આપ્યો હતો.

ગઈકાલે રમાયેલી સેમિફાઇનલમાં અડવાણીએ ભારતના સૌરવ કોઠારીને 4-2 થી પરાજ્ય આપીને સ્પર્ધાની ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. સૌરવ કોઠારીને કાંસ્ય ચંદ્રક મળ્યો હતો.

# INDIAN MEN'S HOCKEY

આંતરરાષ્ટ્રીય હોકી સંગઠન – FIH દ્વારા ભારતીય હોકી ટીમના સુકાન હરમનપ્રિતસિંહને વર્ષનો શ્રેષ્ઠ ખેલાડી અને ભૂતપૂર્વ ગોલકીપર શ્રીજેશને વર્ષનો શ્રેષ્ઠ ગોલકિપરના પુરસ્કાર અપાયો છે. ગઈકાલે ઓમાનમાં FIH ની બેઠકમાં બંન્ને ખેલાડીઓને આ પુરસ્કારો એનાયત થયા હતા.